सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૬ | ૦૩ | ૨૦૨૦ |
| દાખલ તારીખ | ૧૬ | ૦૩ | ૨૦૨૦ |
| ફેસલ તારીખ | **૩૦** | **૦૬** | **૨૦૨૬** |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | **૦૬** | **૦૩** | **૧૪** |

**જંબુસરના મહે. એડી. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.જંબુસર.**

**રે.દિ.મુ.નં. પર/૨૦૨૦**

**આંક :–**

**વાદી –** (૧) **કપીલાબેન ઘનશ્યામભાઈ પટેલ**
ઉ.વ. આશરે– ૭૦, ધંધો – ઘરકામ
રહે. હે.ખારો કુવો, મુ.પો– ગજેરા, મુ.તા.જંબુસર,
જી. ભરૂચ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ–** (૧) **રાજેશભાઈ પૂનમભાઈ પટેલ**
રહે.હે.ખારો કુવો, મુ.પો– ગજેરા,મુ.તા.જંબુસર
જી. ભરૂચ

(૨) **ગજેરા ગ્રામ પંચાયતના સરપંચશ્રી**
રહે. ગજેરા ગ્રામ પંચાયત ઓફિસ–ગજેરા,
મુ.પો. ગજેરા, તા.જંબુસર, જી. ભરૂચ.

-----------------------------------

**વાદી તર્ફે વિધ્વાન વકીલ શ્રી જી.એસ. પટેલ**

**પ્રતિવાદી નં. ૦૧ તર્ફે વિધ્વાન વકીલ શ્રી એસ.આઈ. દોલા**

-----------------------------------

**દાવો –રૂા.૨૦૦૦/– ના આંકથી જાહેરાત તથા જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે...**

-----------------------------------

**–:: ચુકાદો :–**

(૧) સદર દાવાના કામે વાદીની દાવા અરજીની હકીકત એવી છે કે, મોજે ગામ : ગજેરા, તા : જંબુસર, જી : ભરૂચની વસ્તી મધ્યે નીચે જણાવ્યા મુજબની મિલકત આવેલી છે. તેની વિગત નીચે મુજબ છે. સદર દાવાના પ્રતિવાદી નં : ૧ અમો વાદીનો મોટો ભાણો થાય છે તથા પ્રતિવાદી નં : ૨ એ ગ્રામ પંચાયત ગજેરા સંસ્થા છે.

**મિલકતની વિગત :** મિલકત નં : ૨૩૧૯/૧૪૧ નું ખુલ્લુ ગભાણ આવેલ છે. જેની ચતુર્થદિશા નીચે મુજબ છે.

**:: ચતુર્થદિશા ::**

**પૂર્વ :–** જાહેર રસ્તો આવેલો છે.

**પશ્ચિમ :–** અમો વાદીનું મકાન આવેલ છે.

**ઉત્તર:–** જગદીશ રામચન્દ્ર મણીશંકર જોષીનું મકાન

**દક્ષિણ:–** ફળિયાનો રસ્તો આવેલો છે.

પેરા–૧ માં જણાવેલ મિલકત ગભાણ છે તે ગભાણના મૂળ માલિક સરકારશ્રી હતા. પ્રતિવાદીના માતા તારાબેન પૂનમભાઈએ અમો વાદીના સગા મોટા બહેન થાય છે. અમો એક જ ઘરમાં સંયુકત રીતે રહેતા હતાં. જયારે મિલકત કીરાયે રાખવાની થઇ ત્યારે તેઓ ઘરમાં સૌથી મોટા હતાં. તેથી તેમના નામ ઉપર રાખવાનું નક્કી થયેલું. સને – ૧૯૯૧ – ૯૨ માં સદર દાવાવાળી મિલકત અમો વાદી તથા અમારા બહેન તારાબેન પૂનમભાઇએ સહિયારી કીરાયે રાખેલી.

સદર ગભાણ રાખ્યા બાદ અમારા કુટુંબીજનો વચ્ચે મિલકતોની વહેંચણ તા : ૧૬/૧૨/૧૯૭૨ માં કરવામાં આવેલી. તે બાબતેનું પક્ષકારો વચ્ચે ઘર ખાનગી લાભુ સાક્ષીઓની હાજરીમાં લખવામાં આવેલ છે. સદર દાવાવાળી મિલકત અમો વાદી તથા પ્રતિવાદી નં : ૧ ના અડધા અડધા ભાગમાં વાપર ઉપભોગ કરતાં હતાં. સદર મિલકતમાં દક્ષિણ તરફનો અડધો ભાગ પ્રતિવાદી નં: ૧ તથા ઉત્તર તરફનો અડધો ભાગ અમો વાદીના ભાગે આવેલ છે. આમ અમો વાદીએ અમારા ભાગે આવેલ ગભાણમાં બે થી ત્રણ ભેંસને ઘણા વર્ષોથી બાંધતા આવેલા છે. પ્રતિવાદી નં : ૧ તેના ભાગમાં આવેલ ગભાણ ખુલ્લુ જ રાખેલું છે. તેઓ વાપર ઉપભોગ કરતા નથી.

પ્રતિવાદી નં : ૧ ની દાનત ભ્રષ્ટ થયેલ છે. તેઓ અમારી મરનાર બહેનના દિકરા થતા હોવાથી અને સરકારી રેકર્ડમાં તેમની માતાનું નામ ચાલતુ હોવાથી આવા ગભાણનો કબજો કરી લેવા માંગે છે. તેમાં ગેરકાયદેસર બાંધકામ કરવા માંગે છે. આ બાબતે ગઈ કાલે તા : ૧૫/૩/૨૦૨૦ ના રોજપ્રતિવાદી નં : ૧ નાએ બાંધકામ માટેના સાધનો ગભાણમાં મુકવા માંડેલા. જેથી અમો વાદીએ પ્રતિવાદીને જણાવેલ કે, “તુ તારા ભાગમાં બાંધકામ કર મને વાંધો નથી. પરંતુ તુ અમારા ભાગમાં કોઈ બાંધકામ કરીશ નહી.” તેમ જણાવતા પ્રતિવાદીએ અમોને ધમકી આપી છે કે, “હું મારા ગભાણમાં બાંધકામ કરવાનો છું. અને તારી જે ભેંસો બાંધેલી છે તે છોડી દુર મૂકી આવવાનો છું. તારાથી થાય તે કરી લે. હું ગજેરા ગ્રામ પંચાયતમાંથી બાંધકામની પરવાનગી મેળવી લેવાનો છું.” આમ પ્રતિવાદી નં : ૧ પ્રતિવાદી નં : ૨ ના મેળાપીપણામાં ગેરકાયદેસર કીરાયેવાળી જમીનમાં બાંધકામ કરવા માંગે છે. જો પ્રતિવાદી નં : ૧ પ્રતિવાદી નં : ૨ સાથે મળી જઈ ગેરકાયદેસર બાંધકામ કરી લેવા માંગે છે. પ્રતિવાદીઓને તેમ કરવાનો કાયદેસરનો કોઇ અધિકાર નથી. જો પ્રતિવાદીઓ તેઓની બુરી નેમમાં ફાવી જાય તો અમો વાદીને એવુ અનિવાર્ય નુકશાન થવાનો સંભવ છે કે જેનો બદલો નાણાંમાં પણ મળી શકે તેમ નથી. જેથી હાલનો દાવો જાહેરાત તથા જાથુનો મનાઇ હુકમ મેળવવા માટે કરેલો છે.

**સબબ દાવો કરી દાદ માંગેલ છે કે,**

(અ) સદર દાવા અરજના પેરા ૧ માં જણાવેલી મિલકતમાં અમારો અડધો હિસ્સો આવેલો છે. અને તેમાં અમારો અડધો કબજો ભોગવટો આવેલો છે. તેવું જાહેર કરશોજી.

(બ) પ્રતિવાદી જાતે અગર તેના ઘરના માણસો, એજન્ટો મારફતે પેરા ૧ માં જણાવેલી અમારી ઉત્તર તરફના અડધા હિસ્સામાં કોઈ પણ જાતનું ગેરકાયદેસર બાંધકામ કરે કરાવે નહી. તેવો જાથુનો મનાઇ હુકમ ફરમાવશોજી.

(ક) પ્રતિવાદી નં : ૨ પ્રતિવાદી નં : ૧ ને ગેરકાયદેસર કોઇ પણ જાતનું બાંધકામ કરવાની પરવાનગી આપે નહી તેવો પ્રતિવાદી નં : ૨ ને મનાઈ હુકમ ફરમાવશોજી.

(ડ) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઇ દાદ અપાવશોજી.

(ઈ) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

**(૨)** સદર કામના પ્રતિવાદીઓને નોટીસ/સમન્સ બજવણી થતાં પ્રતિવાદી નં. ૦૧ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. પ્રતિવાદી નં. ૦૨ નાઓ હાજર ન થતા તેમની સામે એકતરફી કાર્યવાહી કરવામાં આવેલ. પ્રતિવાદી નં. ૦૧ તર્ફે આંક–૧૩ થી દાવા અરજીનો કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં, તેઓએ દાવા અરજીની હકીકતનો ઇન્કાર કરેલ છે. તેઓનો મુખ્ય બચાવ છે કે, પ્રતિવાદી નં. ૦૨ પંચાયતને પક્ષકાર બનાવેલ છે પરંતુ તેમનુ કાયદા મુજબની નોટીસ આપવામાં આવેલ નથી. દાવાવાળી મિલકતના માલીક અને કબ્જેદાર પ્રતિવાદી નં. ૦૧ છે. વાદીએ ખોટો દાવો કરેલ હોઇ તે દાવા અરજી રદ કરીને પ્રતિવાદીને કોમ્પેનસટરી કોસ્ટ વાદી પાસેથી અપાવશો.

**(૩)** વાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ.નં. | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૨૭ | વાદી કપિલાબેન ઘનશ્યામભાઈ પટેલના કુલમુખત્યાર મનોજકુમાર ઘનશ્યામભાઈ પટેલની સોગંદ પર ની જુબાની |
| ૨ | ૨૯ | વાદી તર્ફે સાહેદ દિલીપભાઈ રાવજીભાઇ પટેલ ની સોગંદ ઉપર જુબાની |
| ૩ | ૩૩ | વાદી તર્ફે સાહેદ યુવરાજસિંહ ફતેસિંહ પરમાર ની સોગંદ ઉપર જુબાની |

**–:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૬ | પાવર ઓફ એટર્ની |
| ૨ | ૪૦ | લાભુ કરાર |
| ૩ | ૪૨ | કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલુ પંચનામું |
| ૪ | ૪૩ | કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા તૈયાર કરેલ દાવાવાળી તકરારી મિલકતનો નક્શો |

**(૩.૧) પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.**

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| અનુ.નં. | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૩૬ | પ્રતિવાદી રાજેશભાઈ પૂનમભાઈ પટેલ નાઓની સોગંદ ઉપર ની જુબાની |

પ્રતિવાદી તર્ફે લેખિત જવાબ રજૂ કર્યા સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી.

**(૪)** ત્યારબાદ વાદી તર્ફે આંક– ૩૧ થી આ કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો બંધ કર્યાની પુરસીશ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ તર્ફે આંક–૪૪ થી પુરાવો બંધ કર્યાની પુરશીશ રજુ કરેલ છે.

**(૫)** ત્યારબાદ વાદી તર્ફે આંક–૪૫ થી લેખિત દલીલ રજૂ કરેલ છે, જે વંચાણે લીધી. પ્રતિવાદી તર્ફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

**(૬)** આ કામે આંક– ૧૫ થી સદર દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**<u>::મુદાઓ::</u>**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, મોજે ગજેરા, તા જંબુસર ની મધ્યે આવેલ મિલકત નં ૨૩૧૯/૧૪૧ નુ ખુલ્લુ ગભાણમાં તેઓનો અડધા હિસ્સાની માલિકી, કબજો ભોગવટો આવેલ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી વાદીના હીસ્સે આવેલી ઉત્તર તરફના અડધા હીસ્સામા પ્રતિવાદી નં. ૦૧, પ્રતિવાદી નં. ૦૨ ની પરવાનગીથી ગેરકાયદેસર બાંધકામ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે?

(૩) શું વાદી તેની દાવાઅરજીમાં જણાવેલ દાદ મેળવવા કાયદેસર હક્કદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામુ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબના છે.

| | | |
|---|---|---|
| મુદ્દા નં.૧ | : | નકારાત્મક |
| મુદ્દા નં. ૨ | : | નકારાત્મક |
| મુદ્દા નં. ૩ | : | નકારાત્મક |
| મુદ્દા નં. ૪ | : | આખરી હુકમ મુજબ |

**// નિર્ણયો માટેના કારણો //**

(૮) **<u>મુદ્દા નં.૧ થી ૨ ની ચર્ચા:-</u>**

મુદદા નં. ૦૧ થી ૦૨ એકબીજા સાથે સંલગ્ન હોય તેથી તેમની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

બંને પક્ષોના પક્ષનિવેદન, પુરાવા તથા દલીલો ધ્યાને લઈ મુદદા નં. ૦૧ અને ૦૨ ની ચર્ચા કરતા અગાઉ દાવાની હકિકત પુરવાર કરવા સબંધી પુરાવાના સાબીતીના બોજાના અનુસંધાને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૦૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં તો,

101: Burden of proof

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

આમ, ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૦૧ ની જોગવાઈ મુજબ કોઈ વ્યકિત એમ ઈચ્છતો હોય કે, તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જ્યારે પ્રતિવાદીએ વાંધો વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી ધ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઈએ. પરંતુ, તે નકારાત્મક રીતે ના સાબીત થવી જરરી નથી વાદીએ પોતાનો કેસ પોતાની રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ. વાદી તે પ્રતિવાદીની નબળાઈનો લાભ લઈ શકે નહી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ નો પ્રારંભીક નિયમ અપરીવર્તનશીલ છે. જેથી કલમ ૧૦૧ મુજબ પ્રારંભીક બોજો હંમેશા વાદીના શીરે રહે છે અને જો વાદી

તેનું પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબિત કરે ત્યારે પ્રતિવાદીના શીરે એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે, વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. આમ ઉપરની જોગવાઈ ધ્યાને લેતા કોઈ પક્ષકાર પોતાની તરફેણમાં ચુકાદો આવે તેવું ઈચ્છતો હોય ત્યારે તેવી હકીકત અને આક્ષેપ પુરવાર કરવા જરૂરી છે અને જેથી જયારે કોઈ પક્ષકાર પોતાના કબજામાં રહેલ શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરે ત્યારે પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરુધ્ધનું અનુમાન થાય છે.

(૯) અત્રે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતના દિવાની કેસોમા પુરાવાની સાબીતી અંગેના કેટલાક ચૂકાદાઓ તથા કાયદાકીય જોગવાઈની ચર્ચા હાલના કેસની હકીકતના સંદર્ભે કેસના ન્યાયીક નિર્ણય માટે કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહી નીચે મુજબ ચર્ચા કરેલ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે "ધી સ્ટેટ ઓફ રાજસ્થાન એન્ડ અધર્સ વિ. હીમસીંઘ" સીવીલ અપીલ નં. ૩૩૪૦/૨૦૨૦ ના ચુકાદામાં પેરા નં. ૨૯ માં નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

On a 'preponderance of probabilities'

**"...29** In M. Siddiq v. Suresh Das6, a Constitution Bench of this Court has described the standard of 'preponderance of probabilities in the following terms:

**"720.** The court in a civil trial applies a standard of proof governed by a preponderance of probabilities. This standard is also described sometimes as a balance of probability or the preponderance of the evidence. Phipson on Evidence formulates the standard suc-

cinctly: If therefore, the evidence is such that the court can say "we think it more probable than not", the burden is discharged, but if the probabilities Evidence.] In are Miller equal, v. it Ministerof is not. Phipsonon Pensions[Millerv. Minister of Pensions, (1947) 2 All ER 372], Lord Denning, J. (as the Master of Rolls then was) defined the doctrine of the balance or preponderance of probabilities in the following terms: (All ER p. 373 H) "(1)... It need not reach certainty, but it must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is so strong against a man as to leave only a remote possibility in his favour which can be dismissed with the sentence, "of course it is possible, but not in the least probable" the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice." (emphasis supplied)

**721.** The law recognises that within the standard of preponderance of probabilities, there could be different degrees of probability. This was succinctly summarised by Denning, L.J. in Bater v. Bater [Bater v. Bater, 1951 P 35 (CA)], where he formulated the

principle thus: (p. 37) "... So also in civil cases, the case must be proved by a preponderance of probability, but there may be degrees of probability within that standard. The degree depends on the subject-matter." (emphasis supplied)...."

નામદાર સર્વોચ્ચ અદાલતે હાલમાં ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ રેલ્વે પ્રોટેકશન ફોર્સ એન્ડ અધર્સ વિ. રાજેન્દ્રકુમાર દુબે" કે જે સીવીલ અપીલ નં.૩૮૨૦/૨૦૨૦ ના કામે નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

**12.1"...**The standard of proof is hence not the strict standard which governs a trial, of proof beyond reasonable doubt, preponderance of but a civil probabilities, standard Within governed the by rule a of preponderance, there are varying approaches based on context and subject..."

(૧૦) દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદદ્દા: વધુમાં આ તબકકે અહી દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન સબંધે નામદાર આંધપ્રદેશ વડી અદાલતે "પી. મધુસુધનરાઓ વિ. એલ ટી. કોલ. રવીમાનન અને બીજાઓ" સીવીલ રીવીઝન પીટીશન નંબર. ૪૫૧૫/૨૦૧૪ ના કામે આપેલ ચુકાદાના પેરા નં ૨૬ અને ૨૭ ની ચર્ચા અહી કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહી રજુ રાખેલ છે.

**"....26.** It is clear that the Court has to ascertain the intention of the parties based on the language used in the document. Time and again, the Court have laid down

certain principles to interpret any document or clauses therein. In interpretany fact there are no statutory document. But based on rules the to settled principles, the Courts are interpreting the documents and any conditions contained therein. Rules of interpretation are mere working rules or guidelines and are not binding on the Courts of law. Yet, they have some sanctity as they have been deduced from judicial decision over the years. It is found listed in Odgers Construction of Statutes, used the listed by the Courts and they have acquired respectability. The Supreme Court in Delhi Development Authority v. Durga Chand hasalso noticed Deeds and Orders Rules and quoted them with approvaland as the observation of the Supreme Court have the force of law of the land, it may be taken Odgers Rules(known as golden rules of interpretation) have been judicially and may be adopted as Rules for interpretation documents in India. These Rules are recognized of the listed hereunder:

1. The meaning of the document or of a particular part of it is therefore to be sought for in the document itself.
2. The intention may prevail over the words used
3. words are to be taken in their literal meaning

4. literal meaning depends on the circumstances of the parties

5. When is extrinsic evidence admissible to translate the language?

6. Technical legal terms will have their legal meaning.

7. Therefore the deed is to be construed as a whole. Apart from the said seven rules listed by Order, it would be convenient to list the following rules for the sake of convenience are called additional rules and given number in continuation:

8. Same words to be given the same meaning in the same contract.

9. Harmonious construction must be placed on the contract far as possible. However, in case of conflict as between earlier or later clauses in a contract, later clauses are be preferred to the earlier; while in a will, to earlier clause is to be preferred to the later.

10. Contra Proferendum Rule-If two interpretations are possible, the one favourable to the party who has drafted the contract and the other against him, the interpretation against that party has to be preferred.

11. If two interpretation of a contract are possible the one which helps to make the contract operative to be preferred to the other which tends to make it inoperative

12. In case of conflict between printed clauses and typed clauses, type clauses are to be preferred. Similarly, in conflict between printed and hand written clauses, hand written clauses are to preferred and in event conflict between typed and hand written clauses, the hand written calluses are to be preferred

13. the special will exclude the general

14. Rule of expression unius est exclusion alterius

15. Rule of noscitus a sociss

16. Ejusdem generic rule will apply both the contract and statute

17. place of Punctuation in interpretation of documents.

**27.** From the Rules stated above, when the language used in a document is unambiguous conveying clear meaning, the Court has to interpret the document or any condition therein taking into consideration of the literal meaning of the words in the document. When there is ambiguity, the intention of the parties has to be looked into. Ordinarily the parties use apt words to express their intention but often they do not. The cardinal rule againis that, clear and unambiguous words prevail over the intention. But if the words used are not clear or ambiguous, intention will prevail. The most essential thing is to collect the intention of the parties from the expressions they have

used in the deed itself. What if, the intention is so collected will not secure with the words used. The answer is the intention prevails. Therefore, if the language used in the document in unambiguous, the words used in the document itself will prevail but not the intention...."

ચુકાદાને ધ્યાનમાં ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતના "દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી વિ. દુર્ગાચંદ" રાખીને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની ચર્ચા કરેલ છે, તે મુજબ ઉપર જણાવેલ નિયમોમાંથી જયારે કોઈ દસ્તાવેજમાં વપરાયેલી ભાષા સ્પષ્ટ અર્થ દર્શાવતી હોય, ત્યારે કોર્ટે દસ્તાવેજમાં શબ્દોના શાબ્દિક અર્થને ધ્યાનમાં રાખીને દસ્તાવેજ અથવા તેમાં કોઈ સ્થિતીનો અર્થઘટન કરવુ પડે છે. જયારે અસ્પષ્ટતા હોય છે, ત્યારે પક્ષકારોનો હેતુ ધ્યાનમાં લેવાનુ રહે છે. સામાન્ય રીતે પક્ષકારો પોતાનો ઉદેશ વ્યકત કરવા માટે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે પરંતુ ધણીવાર તેઓ તેમ કરતા નથી તે વખતે ફરીથી કાયદાનો મુખ્ય નિયમ ધ્યાને લેવાનું રહે છે. પક્ષકારોના હેતુ પર સ્પષ્ટ અને સંદીગ્ધ શબ્દો ઉપરવટ રહે છે. સૌથી આવશ્યક બાબત એ છે કે, દસ્તાવેજમાં જાહેર કરેલ અભિવ્યકતીઓ પરથી પક્ષકારોનો હેતુ જાણવાનો રહે છે. તેથી જો દસ્તાવેજ માં વાપરેલ ભાષા સ્પષ્ટ અને અસંધિગ્ધ હોય ત્યારે પક્ષકારોના હેતુ પર દસ્તાવેજમાં વપરાયેલ શબ્દો ઉપરવટ રહે છે. વધુમાં ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૩ મુજબ તે બધા દસ્તાવેજો કે જે નિરીક્ષણ માટે કોર્ટ સમક્ષ રજુ થાય તેવા દસ્તાવેજોને દસ્તાવેજી પુરાવા કહેવાય. વધુમાં ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૬૧ મુજબ દસ્તાવેજ માંની વિગતો પ્રાથમીક અથવા ગૌણ પુરાવા ધ્વારા સાબીત થવી આવશ્યક છે તેથી કોઈ પણ દસ્તાવેજના નિર્ણય માટે તે દસ્તાવેજ પુરાવા અધીનીયમની જોગવાઈ મુજબ તે પુરવાર થયેલ હોવુ જોઈએ. દસ્તાવેજી પુરાવાના કીસ્સામાં સુસંગતતા, સ્વીકૃતિ અને સાબીત થયેલ

એટલે કે દસ્તવેજોનુ અમલ, દસ્તાવેજમાં દર્શાવેલ વિગતોની સાબીતી બન્ને એક સાથે ધ્યાને લેતા સાબીતી અંગેનો નિર્ણય થઈ શકે.

વાદી દ્વારા દાવામાં જે દાદ માંગવામાં આવેલ છે તે જોઈએ તો તેમાં (અ) સદર દાવા અરજના પેરા ૧ માં જણાવેલી મિલકતમાં અમારો અડધો હિસ્સો આવેલો છે. અને તેમાં અમારો અડધો કબજો ભોગવટો આવેલો છે. તેવું જાહેર કરશોજી, (બ) પ્રતિવાદી જાતે અગર તેના ઘરના માણસો, એજન્ટો મારફતે પેરા ૧ માં જણાવેલી અમારી ઉત્તર તરફના અડધા હિસ્સામાં કોઈ પણ જાતનું ગેરકાયદેસર બાંધકામ કરે કરાવે નહી. તેવો જાથુનો મનાઇ હુકમ ફરમાવશોજી, (ક) પ્રતિવાદી નં : ૨ પ્રતિવાદી નં : ૧ ને ગેરકાયદેસર કોઇ પણ જાતનું બાંધકામ કરવાની પરવાનગી આપે નહી તેવો પ્રતિવાદી નં : ૨ ને મનાઈ હુકમ ફરમાવશોજી, (ડ) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઇ દાદ અપાવશોજી, (ઈ) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

સદર કામમાં વાદીઓ દ્વારા પોતાનો દાવો પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(૧૧)** વાદીઓ તર્ફે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોઇએ તો જેમાં આંક–૨૭ થી વાદી કપીલાબેન ઘનશ્યામભાઈ પટેલના કુલમુખત્યાર મનોજભાઇ ઘનશ્યામભાઇ પટેલ નાઓની લેખિત સ્વરૂપની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં, તેઓએ દાવાને અનુરૂપ જુબાની આપેલ. સદર વાદીની ઉલટતપાસ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં જોઇએતો "એ વાત ખરી છે કે, દાવાવાળી મિલકત ખારા કુવા વિસ્તામાં આવેલી છે. એ વાત ખરી છે કે, આ મિલકત કપીલાબેન, મનોજકુમાર અને માલવિકાબેનના નામે ચાલે છે. દાવાવાળી મિલકત ગભાણ છે. એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી મિલકત પહેલા ઘર હતું. એ વાત ખરી નથી કે, ખારા કુવા વિસ્તારમાં રાજેશભાઇ પુનમભાઈ અને મિનાક્ષીબેન પુનમભાઈનુ ગભાણ આવેલ છે. એ વાત ખરી નથી કે, મારી તથા રાજેશભાઈની મિલકત જોડાજોડ આવેલ નથી. સાહેદ જણાવે છે કે, જોડાજોડ આવેલ છે. એ વાત

ખરી છે કે, દાવાવાળી મિલકત સરકાર પાસેથી ભાડે રાખેલી. એ વાતની મને ખબર નથી કે, આ મિલકત સરકાર પાસેથી ભાડે રાખી ત્યારે તેનું લખાણ થયેલુ અને સનદ આપવામા આવેલી. એ વાત ખરી છે કે, આ દાવાવાળી મિલકત અંગે વહેંચણનો લેખ તૈયાર કરવામાં આવેલો. એ વાત ખરી નથી કે, દાવાવાળી મિલકતનો વહેચણનો કરાર મારા અને રાજેશભાઈ વચ્ચે થયેલો. હું દાવાની હકીકત જાણુ છું. આ મિલકત ની કુટંબીજનો વચ્ચે વહેંચણ થયેલી તે વહેંચણ ઘનશ્યામભાઈ ઉકાભાઈ પટેલ અને તારાબેન પુનમભાઈ પટેલ વચ્ચે થયેલી. ઘનશ્યામભાઈ ઉકાભાઈ પટેલ એ કપીલાબેનના પતિ થાય છે અને મારા પિતા થાય છે. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલકતનું અમો તથા પ્રતિવાદી વચ્ચે વહેચણનો લેખ થયેલો. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલકતના અડધા ભાગમાં અમો તથા અડધા ભાગમાં પ્રતિવાદી નંબર ૧ ઉપભોગ કરતા આવેલા છે. દાવાવાળી મિલકત પૈકી અડધો ભાગ મારા પિતાને મળેલો તેનુ લખાણ મારી પાસે છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદીએ તેના અડધા ભાગમાં કોઇ પાકુ બાંધકામ કરેલ નથી પરંતુ અડાળુ બાંધેલ છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદીએ તેના અડધા ભાગમાં બાંધકામ કરવા માટે પંચાયતમાં પરવાનગી માંગેલી. સાહેદ જણાવે છે કે, પ્રતિવાદીએ બાંધકામ કરવા માટે આખી મિલકતમાં પરવાનગી માંગેલી. એ વાત ખરી છે કે, પ્રતિવાદીએ દાવાવાળી મિલકત પૈકી કોઈ પણ ભાગમાં બાંધકામ કરેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલકત પૈકી દક્ષિણ બાજુનો ભાગ અમારો તથા ઉતર બાજુનો ભાગ પ્રતિવાદીનો છે. એ વાત ખરી છે કે, કોર્ટમાંથી કોર્ટના વ્યકતિ પંચનામુ અને નકશો કરવા માટે આવેલા તે હું જાણુ છું. એ વાત ખરી છે કે, મિલકતમાં પશ્ચિમ બાજુએ આકાશે પતરા મારેલા છે તથા પ્લાસ્ટિક મારેલ છે. એ વાત ખરી છે કે, સરકાર પાસેથી રાખેલ આખુ ગભાણનું પંચનામુ કરવામાં આવેલું. એ વાત ખરી છે કે, પ્રતિવાદી તેના અડધા ભાગમાં બાંધકામ કરે કે અડાળું બાંધે તેમાં મને કોઇ વાંધો નથી. હાલનો દાવો કરવાનું કારણ પ્રતિવાદી મારા ભાગમાં બાંધકામ કરવા માંગતા હતાં અને તે બાંધકામ ન કરે તેટલા પુરતુ છે પ્રતિવાદી તેના પોતાના ભાગમાં બાંધકામ કરે તેની સાથે મને કોઈ વાંધો નથી અને એ વાત ખરી છે કે, આ

મિલકત સરકાર પાસેથી રાખ્યા સને–૧૯૭૨ માં સરખા ભાગલા લખાણ કરેલું અને તે મારી પાસે છે."

**(૧૨)** વાદી તર્ફે આંક–૨૯ થી સાહેદ દિલીપભાઈ રાવજીભાઈ પટેલ નાઓની લેખિત સ્વરૂપની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં, તેઓએ દાવા અરજીને સમર્થન જુબાની આપેલ. સદર વાદીની ઉલટતપાસ પ્રતિવાદી દ્ધારા કરવામાં આવેલ છે. જેમાં જોઈએ તો "વાદીની મિલકત પંચાયતની માલિકીની હતી. એ વાત ખરી છે કે, આ મીલકત પંચાયત પાસેથી રાખી તેનુ કોઈ લખાણ મારે વાંચવામા આવેલુ નથી. એ વાત ખરી છે કે, ગભાણોની ગ્રામપંચાયતમાં નોંધણી થાય છે. ગ્રામ પંચાયતનો રેકર્ડ આજદિન સુધી મારે જોવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, રાજેશભાઈ પુનમભાઈ અને મીનાક્ષીબેન પુનમભાઇ ને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, પંચાયત રેકર્ડમાં આ મિલકત રાજેશભાઈ અને મીનાક્ષીબેન ના નામે ચાલે પાર્લે છે. એ વાત ખરી છે કે, રાજેશભાઈ અને મીનાક્ષીબને વાપરે છે. આ મિલકત ખુલ્લી જગ્યાએ આવેલી છે.

**(૧૩)** વાદી તર્ફે આંક–૩૩ થી સાહેદ યુવરાજસિંહ ફતેસિંહ પરમાર નાઓની લેખિત સ્વરૂપની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં, તેઓએ દાવા અરજીને સમર્થન જુબાની આપેલ. સદર વાદીની ઉલટતપાસ પ્રતિવાદી દ્ધારા કરવામાં આવેલ છે. જેમાં જોઈએ તો, "એ વાત ખરી છે કે, હું યુવરાજસિંહ છું તે બતાવતો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. મારે દાવો વાંચવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી નથી કે, પક્ષકારો કોણ છે તેની મને ખબર નથી. પ્રતિવાદીના કેટલા પક્ષકારો છે જેની મને ખબર નથી. હાલની જે તકરારી જગ્યા છે તે જગ્યાની આકારણી જોવાનો પ્રસંગ બનેલ નથી. તકરારી મિલ્કતનો અનુક્રમ નંબર કે મિલ્કત નંબર ખબર નથી. આ મિલ્કતોના કોઈ દસ્તાવેજ વાંચવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મને દાવા વિશે કોઈ માહીતી નથી."

(૧૪) સદર કામમાં પ્રતિવાદી રાજેશભાઈ પુનમભાઈ પટેલ નાઓની આંક– ૩૬ થી લેખિત સ્વરૂપનું સરપતાસનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓએ દાવા અરજી વિરૂધ્ધ રજુ કરેલા તેમના જવાબને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. સદર પ્રતિવાદીની ઉલટતપાસ વાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, "જુબાની મે કહ્યુ તે પ્રમાણે મારા વકીલે તૈયાર કરેલી. હું ખેતીની સાથે નોકરી પણ કરુ છુ. એ વાત ખરી નથી કે, હું ખેતી કરતો નથી. મારા દાદાનુ નામ ઉકાભાઈ જેઠાભાઈ પટેલ છે. તેમના કુલ પાંચ દિકરાઓ હતા. જેમાં સોમાભાઈ, રાવજીભાઈ, છગનભાઈ, પુનમભાઈ અને ઘનશ્યામભાઈ છે. જેમાં ઘનશ્યામભાઈ સૌથી નાના છે. એ વાત ખરી છે કે, અમો બધા સંયુક્ત કુટુંબમાં રહેતા હતા અને બધા ભેગા મળીને ખેતી કરતા હતા. એ વાત ખરી છે કે, સગવડતાના ધોરણે સમય જતા બધા ભાઈઓ અલગ રહેવા લાગેલ. એ વાત ખરી છે કે, કપિલાબેન અને તારાબેન એટલે કે વાદીની માતા અને પ્રતિવાદીની માતા બન્ને સગી બહેનો થાય છે. એ વાત ખરી છે કે, મારી માતા તારા બેન કપિલાબેન કરતા મોટા છે. એ વાત ખરી છે કે, દાવાવાળુ ગભાણ સરકારી મિલ્કત હતી. એ વાત ખરી નથી કે, મારા વડવાએ આ ગભાણ કિરાયે રાખેલુ. એ વાત ખરી નથી કે, જેના પૈસા મે ભરેલ નથી. એ વાત ખરી નથી કે, મારી માતા શ્રી મોટા હોય જેથી તેમના નામ પંચાયતે ગભાણ કિરાયે આપેલુ. અમોએ સદર ગભાણ સને–૧૯૯૨ માં રાખેલુ. એ વાત ખરી નથી કે, જ્યારે ગભાણ કિરાયે રાખેલ ત્યારે મારા બધા કાકા હયાત હતા. એ વાત ખરી છે કે, મારી પાસે ગભાણ કિરાયે રાખેલ હોય અને તેના પૈસા ભરેલ હોય તે અંગેનુ કોઈ લેખિત પુરાવો મારી પાસે નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મનોજભાઈ ઘનશ્યામભાઈ પાસે ફાઇલ છે જે ફાઇલ તેઓએ મારી પાસેથી ધાક ધમકીથી લઈ લીધેલી. મે કોર્ટમાં ધાકધમકી અંગેની ફરીયાદ રજુ કરેલી. જે ફરીયાદની નકલ હું રજુ કરી શકવા ખુશી છું. જે ફરીયાદમાં મામલતદારમાં લઈ ગયેલા અને અમો બન્નેને જામીન પર છોડેલા. એ વાતની મને ખબર નથી કે, મારા પિતાજી સહી કરતાં કે કેમ. એ વાત ખરી નથી કે, તા.૧૬/૧૨/૧૯૭૨ નો એક લાભુ કરાર થયેલો. મને આંક–૪૦ બતાવવામાં આવે છે જે ખોટી રીતે બનાવવામાં આવેલ છે. હું

જગદીશભાઈ મણીશંકર જોષીનાઓને ઓળખુ છુ. જેનુ મકાન ગભાણને અડીને ઉત્તરે આવેલ છે. એ વાત ખરી છે કે, ભાઈલાલભાઈ રણછોડભાઈ. સોમાભાઈ હાથીભાઈ મારા ફળીયામા રહે છે અને મણીભાઈ ધુળીભાઈ ચોળાવગામાં રહે છે. એ વાત ખરી છે કે, આ તમામ અવસાન પામેલા છે. એ વાત ખરી નથી કે, આ ગભાણના બે ભાગ કરવામાં આવેલા. એ વાત ખરી નથી કે, ઉત્તર દિશામાં ગભાણનો ભાગ વાદીના ભાગે અને દક્ષિણ દિશામાં ગભાણનો ભાગ મારા ભાગે આવેલો. એ વાત ખરી નથી કે, ત્યાં વાદી ભેસો બાંધે છે. એ વાત ખરી છે કે, હાલ હું ભેસ રાખતો નથી પરંતુ ત્યાં મારા ખેતીના સાધનો રાખુ છુ. એ વાત ખરી નથી કે, ગભાણવાળી જગ્યામાં કોમન સંડાશ આવેલ છે. એ વાત ખરી છે કે, સંડાશ વાદીના ઘરને અડીને આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે બનાવેલ છે. એ વાત ખરી છે કે, સંડાશ મે બનાવેલ હોય તેનો કોઈ આધાર પુરાવો નથી. એ વાત ખરી છે કે, મે ગભાણમાં અડારુ બનાવેલ છે. જેમાં હું સ્કૂટર તેમજ ખેતીનો પાક ઉતારુ છુ. એ વાત ખરી છે કે, કોર્ટ કમિશનર દ્વારા પંચનામું કરવામાં આવેલ ત્યારે હું હાજર હતો. એ વાત ખરી છે કે, પંચનામાંમા મે સહી કરેલી. એ વાત ખરી છે કે, કોર્ટ કમિશનરના પંચનામા સામે અમોએ કોઈ વાંધા અરજી આપેલ નથી. એ વાત ખરી છે કે, ગભાણને અડી ગભાણના પુર્વ દિશામાં જાહેર રસ્તો આવેલો છે તેમજ પશ્ચિમે વાદીનું મકાન ગભાણ આવેલુ છે. નવેરી મુકીને જગદીશભાઈ મણીશંકર જોષી નાઓનુ મકાન આવેલુ છે. દક્ષિણે ફળીયાનો રસ્તો આવેલો છે. એ વાત ખરી છે કે, કોર્ટ કમિશનરે પંચનામુ કરતા પહેલા મને જાણ કરેલી. એ વાત ખરી નથી કે, અમોએ સવારે વાદીનું ભેંસ બાધાવાનુ અડારુ તોડી પાડેલું. એ વાત ખરી નથી કે, ભેંસનું અડારુ તોડવા બાબતે વાદીએ વેડચ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે, મામલતદાર કોર્ટમાં મારા જામીન લેવામાં આવેલા. એ વાત ખરી છે કે, મારી માતા ગુજરી જતા મારુ નામ વારસાઈ થી ચઢેલુ છે. ગભાણનો નંબર હાલ મને યાદ નથી. જે મિલ્કત આવેલ છે તેને ખારો કૂવો તરીકે ઓળખવામાં આવે છે. એ વાત ખરી છે કે, સદર ગભાણ કિરાયાના પ્લોટ તરીકે બોલે છે. હું કિરાયાનુ રેકર્ડ રજુ કરવા ખુશી છુ. એ વાત ખરી નથી કે, વાદીનો કબ્જો

ગભાણમાં હોય તે લઈ લેવાની અમોએ ધમકી આપેલ છે. તેમજ તેનુ અડારુ તોડી પાડી કબ્જો લેવાનો પ્રયત્ન કરેલો. હું ગભાણમાં બાંધકામ કરવા માંગુ છુ. એ વાત ખરી નથી કે, મે ગભાણ માં કોઈ બાંધકામ કરેલુ નથી. એ વાત ખરી નથી કે, ગભાણ સંયુક્ત માલિકીથી રાખવામાં આવેલ. એ વાત ખરી નથી કે, ગભાણનો કબ્જો ભોગવટો વાદીનો છે. એ વાત ખરી નથી કે, મારી દાનત ભ્રષ્ટ થતા મેં અડધો ભાગની જગ્યાએ ગભાણ લેવાનો પ્રયત્ન કરેલ છે. એ વાત ખરી નથી કે, વાદી પાસે મારા ત્રાસના લીધે ભેંસો નથી."

**(૧૫)** સદર કામમાં રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોઇએ તો જેમાં વાદી દ્બારા મોજે ગજેરા, તા.જંબુસરની મધ્યે આવેલ મિલકત નંબર–૨૩૧૯/૧૪૧ ખુલ્લુ ગભાણમાં તેઓનુ અર્ધા હિસ્સાની માલિકી કબ્જો ભોગવટો આવેલ છે તે માટેનો મુખ્ય આધાર તેવો આંક–૪૦ થી રજુ થયેલા લાભુ કરાર પર રાખેલ છે જે કરાર જોઇએ તો તે તા.૧૬/૧૨/૧૯૭૨ નો છે અને જેમાં ઘનશ્યામભાઇ અને પુનમભાઇ વચ્ચે ઘરના બંને ભાગ માટે જણાવેલ છે જેમાં સાક્ષીઓની સહી છે. જે કરાર જોઇએ તો તેમાં કોઇ પણ ઘર નંબર કે ગભાણ નંબર જણાવેલ નથી. આમ આ કરાર જોઇએ તો તેમાં કયા ઘરોની અને કઇ મિલકતોની વહેચણી કરવામાં આવી છે તે સ્પષ્ટ થઇ શકતુ નથી. વાદી તર્ફે તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેનાથી એવુ પુરવાર થઇ શકે કે દાવાવાળી મિલકતનો અર્ધા હિસ્સાની માલિકી અને કબ્જો ભોગવટો વાદીનો છે. સદર કામમાં વાદી તર્ફે જે આકારણી રજુ કરેલ છે જેમાં પણ પ્રતિવાદીઓના નામ જણાઇ આવે છે. સદર દાવાની મિલકત સરકાર પાસેથી રાખ્યા અંગે વાદી દ્બારા ઉલટતપાસમાં સ્વીકાર કરવામાં આવેલ છે. વાદી તર્ફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓમાં જોઇએ તો આંક–૪૩ થી દાવાવાળી મિલકતનો નકશો અને આંક–૪૨ થી તે અંગેનુ પંચનામુ રજુ કરવામાં આવેલ છે તે નકશો તેમજ પંચનામુ જોતા એવુ સ્પષ્ટ થઇ શકતુ નથી કે દાવાવાળી તકરારી મિલકતમાં પ્રતિવાદી નં ૧ નાઓ દાવાવાળી મિલકતના ઉત્તર તરફના અર્ધા હિસ્સામાં બાંધકામ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. વાદી દ્બારા એવુ પુરવાર કરી શકેલ નથી કે દાવાવાળી

મિલકત નં ૨૩૧૯/૧૪૧ નુ ખુલ્લુ ગભાણ તેઓના હિસ્સે આવેલ અને તેઓની તેમાં માલિકી છે. દાવાવાળી મિલકતમાં રાજેશભાઈ પુનમભાઈ અને મિનાક્ષીબેન પુનમભાઈનાઓના નામ રેકર્ડમાં ચાલે છે તેમજ વાદી દ્વારા એવી હકીકત જણાવેલ છે કે પ્રતિવાદી નં. ૦૧, ૦૨ નાઓ એકબીજાના મેળાપીપણામા ગેરકાયદેસર બાંધકામ કરી લેવા માંગે છે. પ્રતિવાદી નં. ૦૨ જોઈએ તો તે ગજેરા ગ્રામ પંચાયતના સરપંચશ્રીને પક્ષકાર બનાવેલ છે આમ પ્રતિવાદી નં. ૦૨ તરીકે ગજેરા ગ્રામ પંચાયતનાઓને પક્ષકાર બનાવેલ હોઈ તેવા સંજોગોમાં વાદી દ્વારા તેઓની સામે દાવો દાખલ કરતા પહેલા ગુજરાત પંચાયત એક્ટની કલમ-૨૭૦ અન્વયે નોટીસ આપવી જરૂરી છે પરંતુ સદર કામમાં વાદી દ્વારા દાવો દાખલ કરતા પહેલા ગુજરાત પંચાયત એક્ટની કલમ-૨૭૦ અન્વયે નોટીસ આપેલ નથી. આમ વાદી મોજે ગજેરા, તા.જંબુસર ની મધ્યે આવેલ મિલકત નં ૨૩૧૯/૧૪૧ નુ ખુલ્લુ ગભાણની અર્ધા હિસ્સાની માલિકી તેમજ કબ્જો ભોગવટો તેઓનો છે તેવુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વાદી તેવુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે પ્રતિવાદી નં. ૦૧ પ્રતિવાદી નં. ૦૨ ની પરવાનગીથી ગેરકાયદેસર બાંધકામ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧ થી ૦૨** નો જવાબ **નકારમાં** ઠરાવુ છું.

## (૧૬) <u>મુદ્દા નં. ૩ અને ૪ ની ચર્ચા:-</u>

ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદી મોજે ગજેરા, તા.જંબુસર ની મધ્યે આવેલ મિલકત નં ૨૩૧૯/૧૪૧ નુ ખુલ્લુ ગભાણની અડધા હિસ્સાની માલિકી તેમજ કબ્જો ભોગવટો તેઓનો છે તેવું પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વાદી તેવુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, પ્રતિવાદી નં. ૦૧ એ પ્રતિવાદી નં. ૦૨ ની પરવાનગીથી ગેરકાયદેસર બાંધકામ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. આમ, જ્યારે વાદી મુદ્દા નં. ૦૧ થી ૦૨ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદો

મેળવવા હક્કદાર બનતા નથી. જેથી **મુદ્દા નં–૩** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં. –૦૪** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**–:: આખરી હુકમ ::–**

**૧.** વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

**૨.** પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**૩.** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ **: ૩૦ મી,** માહે **જુન,** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૬/૨૦૨૬ **( નિલેશકુમાર. આર. સોલંકી )**

સ્થળ–જંબુસર એડી.સીવીલ જજ, જંબુસર

GJ-01432